તાજપુર કેમ્પના પુલ મરામત નહિ થતાં ભારે આક્રોશ

તલોદ, તા. ૩૧

તલોદ તાલુકાના તાજપુર કેમ્પનો પૂલ ખૂબ ક્ષતિગ્રસ્ત થતાં વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયેલ છે. જેથી અનેક ગામો વાહન વ્યવહારથી વંચિત બન્યા છે. વિદ્યાર્થીનો અભ્યાસ, નોકરી ધંધાને મોટી અસર થયેલ છે. જેથી પ્રજાજનોના ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અમદાવાદ ગાંધીનગરને જોડતો આ પુલ બંધ કરાંતા ૧૭ કિ.મી.નું ડાયવર્ઝન આપી દેવાતાં પ્રજાજનોમાં ભારેલો અગ્નિ જેથી પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે. મહેન્દ્રસિંહ ચૌહાણની રજૂઆત હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

ધનસુરામાં આજે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે

ધનસુરા, તા. ૩૧

ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા સત કેવલ આઈ હોસ્પિટલ સારસાપુરીના સહયોગથી શ્રી જે.એસ. મહેતા હાઈસ્કુલના સાંસ્કૃતિ હોલમાં તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯ થી ૩ વાગ્યા સુધી નિઃશુલ્ક આંખના મોતિયાનું નિદાન કરવામાં આવશે વધુમાં ટ્રસ્ટના પ્રમુખ જયંતિભાઈ શાહે જણાવ્યું હતું કે જે દર્દીને આંખમાં મોતિયો હશે તેવા તમામ દર્દીઓને સારસા ખાતે મફત ઓપરેશન કરી નેત્રમણી મુકવામાં આવશે. તેમજ દર્દીઓને લાવવા લઈ જવાની સાથે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં બે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં ૨૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો છે. આ ત્રીજો નેત્ર નિદાન કેમ્પ છે. આ કેમ્પમાં નેત્રના દર્દીઓને આવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેડબ્રહ્માના દીધીયા ચોકડી નજીક અજાણ્યા ડમ્પરની ટક્કરે બેના મોત

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દીધીયા ચાર રસ્તા પાસે એક ટેમ્પો ચાલકે પુરપાટ ઝડપે ટેમ્પો હંકારી મોટરસાયકલને ટક્કર મારતા બેના મોત અને એકને ઈજા થવા પામી હતી. આ મામલે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માના દીધીયા ચાર રસ્તા પર ગત રોજ બપોરના ૩ વાગ્યાના સુમારે એક અજાણ્યા ટેમ્પો ચાલકે પુરપાટ ઝડપે પોતાના કબજાનો ટેમ્પો બેદરકારીપૂર્વક હંકારી આગળથી પસાર થતી મોટરસાયકલ જીજે-૧૮એએન-૨૫૨૮ને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાઈક સવારોને ગંભીર ઈજાઓ થતા તેમાંથી અનિલ પારગી અને શૈલેષ પારગીનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે એક ઈસમ હાલ સારવાર હેઠળ છે.

આવક કરતાં અપ્રમાણસર મિલકત ધરાવનાર સબ રજીસ્ટ્રાર એ.સી.બી.ના સંકજામાં

સાબરકાંઠાના વતની અને કચ્છના રાપરમાં ફરજ બજાવતા સબ રજીસ્ટ્રારની ૭૨ લાખની અપ્રમાણસર મિલકતો હોવાનું તપાસ દરમિયાન ખુલ્યું : એ.સી.બી.ની પાંચ ટીમો એકી સાથે ૭ જગ્યાએ સર્ચ ઓપરેશન કર્યું

હિંતનગર, તા. ૩૧

સાબરકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારે માજા મુકી છે. અધિકારીઓ અને કર્મચારીઓ અરજદારોના સાચા કામો કરવામાં પણ લાંચની અપેક્ષા રાખતા હોય અરજદારો તંગ આવી લાંચ રૂશ્વત વિરોધી કચેરીમાં ફરીયાદ કરતા હોય છે. સાબરકાંઠા જિલ્લાની બહુમાળી ભવનમાં આવેલી કચેરીઓ સહિત જિલ્લાભરની સરકારી ઓફીસો ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે. થોડાક દિવસો અગાઉ સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઇ વિભાગમાં એક નિવૃત્ત કર્મચારી આવક કરતાં અ-માણસર મિલ્કત ધરાવતા હોવાની ફરીયાદના આધારે એ.સી.બી.ના અધિકારીઓએ તપાસ હાથ ધરતાં કરોડોની અ-માણસર મિલ્કત બહાર આવતાં ન તેમની સામે ફરીયાદ નોંધાયાના ગણત્રીના દિવસોમાં જ સાબરકાંઠાના વતની અને હાલ કચ્છના રાપરમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા -મોદકુમાર ઉર્ફે પુનાજી ધુળાજી કટારા આવક કરતાં અ-માણસર મિલ્કત ધરાવતા હોવાની ફરીયાદના આધારે એ.સી.બી. તપાસ હાથ ધરતાં આવક કરતાં ૫૪૮ ટકા

અ-માણસર મિલ્કત હોવાનું બહાર આવતાં ન તેમની સામે લાંચ રૂશ્વત બ્યુઓએ ફરીયાદ દાખલ કરી ઉંડી તપાસ હાથ ધરેલ છે.

એ.સી.બી.ના મદદનીશ નિયામક પી.જે.ચૌધરી પાસેથી -પ્ત થયેલ વિગત અનુસાર મુળ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ચોરીમાલાના વતની અને હાલ કચ્છના રાપરમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા -મોદકુમાર ઉર્ફે પુનાજી ધુળાજી કટારા જયારે બનાસકાંઠા જિલ્લાના ડીસા સબ રજીસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા હતા ત્યારે તેમની વિરૂધ્ધમાં એ.સી.બી. કચેરીને ફરીયાદ મળી હતી. તેઓ આવક કરતાં અ-માણસર મિલ્કત ધરાવે છે. ફરીયાદના આધારે એ.સી.બી.ના અધિકારીઓએ તપાસ હાથ ધરતાં તેઓ હિંમતનગરના રાજવાટીકામાં બે આલીશાન બંગલા તેમજ બે દુકાનો અને એક પ્લોટ ધરાવતા હોવાનું તેમજ પોતાના વતન ચોરીમાલામાં મકાન તેમજ બેંક એકાઉન્ટમાં રૂ.૨,૨૧,૪૧૧/- રોકડ બેલેન્સ હોવાનું તપાસ દરમિયાન જણાઇ આવતાં એ.સી.બી. એ રૂ. ૫૩,૯૦,૫૬૫/-ની અ-માણસર મિલ્કત કે જે આવક કરતાં ૫૪૮ ટકા વધુ જણાઇ આવી હતી. તે ઉપરાંત સર્ચ ઓપરેશન દરમિયાન રૂ. ૫૭,૬૭,૬૪૦/-ની અન્ય વધુ મિલ્કત મળી કુલ રૂ. ૭૧,૫૮,૨૦૫/-ની અ-માણસર મિલ્કત મળી આવતાં તેમની વિરૂધ્ધમાં પાલનપુર એન્ટીકરપ્સન કચેરીમાં ગુન્હો દાખલ કરી કે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એ.સી.બી.ની પાંચ ટીમો તેમના જુદા જુદા ઠેકાણા અને ઓફીસમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સર્ચ ઓપરેશન દરમિયાન સબ રજીસ્ટ્રાર -મોદકુમાર કટારા રાપર સબ રજીસ્ટ્રાર કચેરીમાં તેઓ મળી આવેલ છે. સર્ચ ઓપરેશનમાં સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, ભૂજ અને ગાંધીધામની એ.સી.બી.કચેરીના અધિકારીઓ જોડાયેલા છે.

સબ રજીસ્ટ્રારની તપાસ એન્ટી કરપ્સન મહેસાણાના મદદનીશ નિયામક પી.જે.ચૌધરીની રાહબરી હેઠળ સાબરકાંઠા એ.સી.બી. પી.આઈ.શ્રી એમ.જે.સોલંકી સહિત મહેસાણા, બનાસકાંઠાના અધિકારીઓ કરી રહયા છે.

બનાસકાંઠા અમીરગઢના ધનપુરાનો બનાવ
બે વર્ષીય માસુમ બાળકી પર દુષ્કર્મ કરનાર ઝડપાઈ ગયો

બનાસકાંઠા, તા. ૩૧

દેશની રાજધાની દિલ્હી તેમજ મુંબઈ જેવાં મોટા શહેરોમાં યુવતીઓ પર થતાં દુષ્કર્મના બનાવો અવારનવાર પ્રકાશમાં આવતા હોય છે ત્યારે આવા બનાવોના આરોપ વિરૂદ્ધ કડક પગલાં ભરવા માટે લોકમાંગ ઉભી થતી હોય છે. બીજી તરફ રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં આવેલ અમીરગઢના ધનપુરામાં બે વર્ષીય માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારનારને પોલીસ અધિકારીઓએ ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં સફળતા મળી છે. માસુમ બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમ વિરૂદ્ધ સમગ્ર પંથકમાં રોષની લાગણી જન્મી છે.

બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના ધનપુરા ગામે દિનાભાઈ અંગારીએ બે વર્ષીય બાળકીના ઘરે જઈ બાળકીની દાદીને કહ્યું કે મારી પત્ની તમને બોલાવે છે તેમ કહેતા જ બાળકીની દાદી તેને મુકીને આરોપીની પત્નીને મળવા દોડી ગઈ હતી ત્યાં જઈ તેઓને ખબર પડી કે તેઓને કોઈએ બોલાવેલ નથી. માટે શંકા જતા દાદી પોતાના ઘર તરફ દોડી આવ્યા હતા ત્યાં તેમણે જોયું કે દિનાભાઈ તેઓની માસુમ બે વર્ષીય બાળકી પર દુષ્કર્મ ગુજારી રહ્યો છે. દાદીએ આરોપીને પકડવા જાય તે પહેલા તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગેની જાણ બાળકીની દાદીએ અમીરગઢના પોલીસને કરીને ફરીયાદ નોંધાવી હતી. બાળકીને પ્રાથમિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ બાળકીની હાલત વધુ લથડતા તેને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લવાઈ હતી. બીજી તરફ અમીરગઢ પોલીસે પણ આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા અક્ષર ઈન્ટરનેશન સ્કુલમાં જન્માષ્ટમીની ઉજવણી યોજાઈ

ભિલોડા, તા. ૩૧

સમાજ સેવા ટ્રસ્ટ સંચાલીત અક્ષર ઈન્ટરનેશલ સ્કુલ અને આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસ જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણી યોજાઈ. આ પ્રસંગે શ્રી કૃષ્ણ ભગવાનના જીવન પ્રસંગોને આવરી લઈ નૃત્યો, નાટકો અને રાસલીલાના ભવ્યાતિભવ્ય કાર્યક્રમો વિદ્યાર્થીઓ ધ્વારા સુંદ રીતે પ્રદર્શન કરાયું હતું. અક્ષર ઈન્ટરનેશલ સ્કુલ ગુજરાત, અંગ્રેજી માધ્યમ, આર.જી.બારોટ બી.એડ્. કોલેજ, એમ.એસ.ડબલ્યું કોલેજમાં વિદ્યાર્થીઓએ આનંદ, ઉત્સાહભેર ભાગ લીધો હતો. લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણની પુજા-આરતી,અર્ચના કરી થાળ ધરાવી પારણુ ઝુલાવવાનો ભક્તિમય કાર્યક્રમ યોજાયો સાથે-સાથે વિદ્યાર્થી ધ્વારા ઉંચા-ઉંચા પીરામીડો બનાવી મટકી ફોડવાનો પણ કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, ટ્રસ્ટી મિતુલભાઈ બ્રહ્મભટ્ટ, દેવાંગભાઈ બારોટ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા જશોદાબેન પટેલ,કમલા મેડમે ભારે જહેમત ઉઠાવી હતી.

ભિલોડા, શામળાજી અને સુનોખ પંથકમાં
બી.એસ.એન.એલ. મોબાઈલ નેટર્વકના ધાંધીયાના કારણે ગ્રાહકોમાં તીવ્ર રોષ

ભિલોડા, તા. ૩૧

ભિલોડા, શામળાજી અને સુનોખ પંથકમાં બી.એસ.એન.એલ. મોબાઈલ નેટર્વક અને બી.એસ. એન.એલ. લેન્ડલાઈન ફોન અવાર-નવાર બંધ થઈ જતા હોવાના ધાંધીયાના કારણે ગ્રાહકોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. ભિલોડા, શામળાજી, સુનોખ વિસ્તારના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ બી.એસ. એન.એલ. ના મોબાઈલ નેટર્વકમાં વારંવાર ખામી સર્જાતા મોબાઈલ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થાય છે. બી.એસ. એન.એલ. લેન્ડ લાઈન ફોન વારંવાર બંધ થઈ જતા હોવાના કારણે ગ્રાહકો મુશ્કેલીમાં મુંકાય છે. બી.એસ.એન.એલ.ના જાગૃત ગ્રાહકોના જણાવ્યા મુજબ ભિલોડા,શામળાજી અને સુનોખ પંથકમાં મોબાઈલ નેટર્વક અવાર-નવાર ઠપ્પ થઈ જતાં ગ્રાહકો મુઝવણમાં મુકાતા હોય છે.

અણીના સમયે જ બી.એસ.એન.એલ.ના નંબરો ઉપર વાત થતી ના હોવાના કારણે હવે તો ગ્રાહકો પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે. બી.એસ.એન.એલ.ના લેન્ડલાઈન ફોન વારંવાર બંધ રહેતા હોવાના કારણે જવાબદાર અધિકારીઓને લેખિત તથા મૌખીક રજુઆતો કરવા છતાં અધિકારીઓ આંખ આડા કાન કરી ગ્રાહકોની સમસ્યાઓ હલ કરવામાં સફળ રહ્યા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. બી.એસ. એન.એલ.વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવે તો બી.એસ. એન.એલ.ના ગ્રાહકો દિન-પ્રતિદિન પ્રાઈવેટ કંપનીઓ તરફ વળશે તો સરકારને જરૂર નુકશાન જશે તેમ ગ્રાહકો ધ્વારા જાણવા મળેલ છે. બી.એસ.એન.એલ.ની નેટર્વક કનેક્ટીવીટી અવાર-નવાર ઠપ્પ થઈ જતી હોવાના કારણે ભિલોડા બેંકીંગ વ્યવસ્થા પણ ક્યારેક ક્યારેક ખોરવાય ત્યારે બેંકોના ગ્રાહકોમાં પણ ભારે મુઝવણ સર્જાય છે. બેંકોમાં ગ્રાહકોને રૂપીયાની લેવડ-દેવડ કરવામાં સમયનો વ્યય થતો હોય છે ત્યારે બેંકોના ગ્રાહકો મુશ્કેલીમાં મુંકાય છે.

બનાસબેંકના ડીરેકટર તરીકે બાબુભાઈ વેલાભાઈ દેસાઈની બિનહરીફ વરણી થતાં તેમના સમર્થકોમાં આનંદની લાગણી ફેલાવા પામી છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રતિષ્ઠાનું સ્થાન ધરાવતી બનાસબેંકના સંચાલક મંડળની ચુંટણીમાં મોટા ભાગની બેઠકો બિનહરીફ થવા પામી છે. જેમાં ડીરેકટર તરીકે બાબુભાઈ વેલાભાઈ દેસાઈની બિનહરીફ વરણી થવા પામી છે. ડીસા શહેરમાં હાઈવે રોડ પર આવેલ ક્રિષ્ણા કાઠીયાવાડી હોલ ખાતે તેમનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે યુવક કોંગ્રેસના પ્રમુખ અમરતભાઈ દેસાઈ-બાઈવાડા, બાબુભાઈ દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ, સુરેશભાઈ પાલડી, લીલાભાઈ ગોઢા મોતીભાઈ, અશોકભાઈ, મોતીભાઈ કમોડા, સાગર દેસાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

જીરૂ	૨૦૫૦	૨૪૬૫
વરીયાળી	૭૮૫	૧૦૮૫
રાયડો	૫૬૦	૬૪૦
એરંડા	૬૯૦	૭૨૫
ઘઉં	૩૦૫	૩૬૩
જુવાર	૩૪૧	૪૦૪
બાજરી	૨૫૦	૨૯૧
ગવાર	૧૦૦૦	૧૨૫૧

તલોદ

એરંડા	૬૯૨	૭૦૫
ઘઉં	૩૦૫	૩૭૪
બાજરી	૨૨૦	૩૦૪
ગવાર	૧૦૨૦	૧૨૭૭

સલાલ

એરંડા	૬૧૫	૭૦૦
ઘઉં	૩૧૦	૩૪૫
બાજરી	૨૧૦	૨૬૦
ડાંગર જ્યા	૩૧૦	૩૪૦

પ્રાંતિજ

એરંડા	૬૭૦	૬૯૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૭૫
ડાંગર જ્યા	૩૧૦	૩૪૧

ધનસુરા

એરંડા	૬૮૫	૭૦૦
મકાઈ	૩૧૦	૩૨૫
ઘઉં	૩૧૦	૩૩૦
બાજરી	૨૩૫	૨૮૦
ગવાર	૧૦૫૦	૧૨૭૫

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૧	૩૨૦
ઘઉં ૪૯૬	૩૨૦	૩૫૦
મકાઈ	૨૯૨	૨૯૪
એરંડા	૬૯૦	૬૯૮

મોડાસા

એરંડા	૭૦૦	૭૦૮
બાજરી	૨૫૦	૨૭૫
મકાઈ	૨૭૦	૩૦૯
ઘઉં	૨૯૦	૩૬૦
ગવાર	૧૦૩૦	૧૨૭૦
ચણા	૪૫૦	૬૬૫

ટીંટોઈ

એરંડા	૬૭૦	૬૮૫
ઘઉં	૩૦૦	૩૨૩
મગફળી	૫૫૦	૬૬૮

દહેગામ

બાજરી	૨૮૦	૨૮૪
ઘઉં	૩૧૬	૩૨૪
ડાંગર	૨૭૦	૩૦૦
એરંડા	૬૮૮	૬૯૬
ગવાર	૧૦૦૩	૧૧૮૨
મકાઈ	૨૪૦	૩૦૦
તુવેર	૫૨૦	૬૧૫
જુવાર	૨૪૦	૩૭૫
રાયડો	૫૨૫	૫૭૫

રખિયાલ

બાજરી	૨૭૫	૨૮૦
ઘઉં	૩૧૦	૩૨૦
ડાંગર	૨૬૫	૨૯૦
એરંડા	૬૮૫	૬૯૫
ગવાર	૧૦૦૦	૧૧૭૦
મકાઈ	૨૩૦	૨૯૦
તુવેર	૫૧૫	૬૧૦
જુવાર	૨૩૦	૩૭૦
રાયડો	૫૨૦	૫૭૦

હિંમતનગર

મગફળી	૩૧૫	૩૭૦
બાજરી	૨૨૦	૨૭૦
મકાઈ	૨૮૦	૩૧૦
ગવાર	૧૦૦૦	૧૨૫૨

ઈડર

ઘઉં	૩૦૦	૩૫૦
એરંડા	૬૮૦	૭૧૦
મગફળી	૬૫૦	૭૦૦
ગવાર	૯૫૦	૧૧૧૦

કડી

ઘઉં	૩૦૫	૩૬૦
ડાંગર	૨૮૦	૩૧૦
બાજરી	૨૭૦	૨૮૬
જવ	૨૧૬	૨૫૦
ગવાર	૧૦૨૫	૧૩૦૦
એરંડા	૬૯૫	૭૦૦
રાયડો	૫૮૫	૫૯૯

સિદ્ધપુર

જવ	૨૮૫	-
રાયડો	૫૮૬	૬૨૬
એરંડા	૬૮૦	૭૧૭
ગવાર	૮૦૧	૧૩૦૩
ઘઉં	૨૭૦	૩૬૪
બાજરી	૧૮૦	૨૯૫
જુવાર	૪૧૫	૯૦૪

વિસનગર

ઘઉં	૩૦૫	૩૮૨
બાજરી	૨૨૦	૨૮૦
રાયડો	૫૭૦	૬૧૬
એરંડા	૬૯૦	૭૨૪
જુવાર	૨૦૦	૮૭૮
ગવાર	૧૧૦૦	૧૩૦૧
રજકાના બી	૧૨૦૦	૩૦૦૦

મહેસાણા

ઘઉં	૩૦૧	૩૫૫
રાયડો	૫૬૫	૬૧૦
બાજરી	૨૧૫	૨૯૧
એરંડા	૬૮૮	૭૦૦
ગવાર	૧૦૦૨	૧૨૫૦
રજકાબી	૧૫૬૦	૨૭૦૦

આંબલીયાસણ

ઘઉં	૩૦૦	૩૨૧
બાજરી	૨૪૫	૨૬૫
રાયડો	૬૮૫	૬૦૯
એરંડા	૬૯૮	૭૦૫

જોટાણા

ઘઉં	૨૮૭	૩૦૦
એરંડા	૬૮૪	૭૦૦
રાયડો	૬૧૦	-
બાજરી	૧૮૮	-

હારીજ

રાયડો	૫૯૦	૬૨૮
એરંડા	૬૮૭	૭૧૫
બાજરી	૨૨૫	૨૬૭
ઘઉં	૨૯૧	૩૩૫
ગવાર	૧૧૫૦	૧૩૫૩
ચણા	૫૫૦	૬૩૦
જીરૂ	૨૧૦૦	૨૫૦૧
સાસટો	૨૫૦	૩૭૪
સવા	૬૫૦	૭૦૧

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૫૦	૨૪૦
બટાટા ડીસા	૨૦૦	૨૬૦
ડુંગળી સૌરાષ્ટ્ર	-	-
ડુંગળી મહારાષ્ટ્ર	૭૦૦	૮૦૦
રીંગણ	૧૦૦	૩૦૦
રવૈયા	૧૬૦	૩૬૦
કોબીજ	૨૦૦	૩૦૦
ફુલાવર	૧૬૦	૩૦૦
ટામેટા પાકા	૨૦૦	૪૦૦
દૂધી	૮૦	૨૦૦
કાકડી	૧૦૦	૨૨૦
ગીલોડા	૩૦૦	૬૦૦
મરચાં દેશી	૧૦૦	૪૦૦
લીંબુ	૧૪૦	૪૦૦
આદુ	૯૦૦	૧૨૦૦
બીટ	૧૬૦	૨૪૦
ગાજર	૨૦૦	૩૦૦
મરચા ધોલાર	૭૦૦	૧૦૦૦
કોથમીર	૩૦૦	૪૦૦
કારેલા	૨૦૦	૪૦૦
ભીંડા	૧૨૦	૨૫૦
ગવાર	૧૪૦	૩૬૦
ચોળી	૧૦૦	૨૪૦
ગલકા	૬૦	૧૪૦
તુરીયા	૧૦૦	૧૬૦
પરવર	૮૦૦	૧૧૦૦